દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ
પાના નંબર :- ૦૪
તારીખ :- ૩૦/૧૧/૨૫

**ભાસ્કર એક્સક્લૂસિવ** પાટનગરમાં પ્રથમ વખત મુસાફરોને 400 મીટર ટ્રાવેલેટરની સુવિધા મળશે : 35 કરોડનો ખર્ચ કરાશે

# ટ્રાવેલેટરથી ચાલ્યા વિના રેલવે સ્ટેશનથી મેટ્રો સ્ટેશન જવાશે

હિતેષજયસ્વાલ | ગાંધીનગર

રાજ્યમાં પ્રથમ વખત એરપોર્ટ સિવાય ખુલ્લી જગ્યામાં ટ્રાવેલેટર ગાંધીનગરમાં ફીટ કરાશે. તેમાં કેપિટલ રેલ્વે સ્ટેશનથી મહાત્મા મંદિરના મેટ્રો સ્ટેશન સુધી જવા માટે મુકાશે. રૂપિયા 35 કરોડના ખર્ચે મુકવામાં આવનાર ટ્રાવેલેટરથી મહેમાનો અને મુસાફરોને ચાલવા છુટકારો મળવાની સાથે સાથે 400 કિમીનું અંતર કાપવામાં સરળતા રહેશે. ટ્રાવેલેટર મુકવાથી લીલા હોટલ, કેપિટલ રેલ્વે સ્ટેશન, મહાત્મા મંદિર, દાંડી કુટીર, મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સહિત જવા માટે સરળતા રહેશે.

રાજ્યમાં પ્રથમ વખત ટ્રાવેલેટર બે રેલવે સ્ટેશનને જોડવા માટે મુકવામાં આવશે. તેમાં ગાંધીનગરના કેપિટલ રેલ્વે સ્ટેશનથી મહાત્મા મંદિરથી અંદાજે 400 મીટર દુર આવેલા મેટ્રો રેલ સ્ટેશન સુધી જવા માટે ટ્રાવેલેટરનો ઉપયોગ કરાશે. મેટ્રો રેલ વિભાગ દ્વારા રૂપિયા 35 કરોડના ખર્ચે ટ્રાવેલેટર મુકવામાં આવનાર છે. તેમાં કેપિટલ રેલ્વે સ્ટેશન ખાતે મુસાફરો કે મહેમાનોને જવા માટે એક્સેલેટરની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. જોકે ટ્રાવેલેટર મુકવામાં આવે નહી તો કેપિટલ રેલ્વે સ્ટેશન કે હોટલ લીલામાંથી મુસાફરોને મહાત્મા મંદિર, મેટ્રો રેલ સ્ટેશન, દાંડી કુટીર જવા માટે રોડ ક્રોસ કરવાની સાથે સાથે વાહનમાં જવાની ફરજ પડે છે. પરંતું ટ્રાવેલેટર મુકવાથી મુસાફરો કે મહેમાનોને હોટલ લીલા, કેપિટલ રેલ્વે સ્ટેશન, દાંડી કુટીર, મહાત્મા મંદિર, મેટ્રો સ્ટેશન જવામાં સુલભતા રહેશે. ટ્રાવેલેટરની ફીટ કરીને કાર્યરત કરવાની કામગીરી આગામી માસમાં પૂર્ણ કરી દેવામાં આવશે. ટ્રાવેલેટર ફીટ કરવામાં સ્ટીલ અને આરસીસીના પિલર બનાવીને તેની ઉપર સ્ટીલના ગડર મુકવામાં આવ્યા છે. આ ગડરની ઉપર ટ્રાવેલેટર ફીટ કરવામાં આવ્યા છે. ટ્રાવેલેટર અને કેપિટલ રેલ્વે સ્ટેશને ફીટ કરવામાં આવેલા એક્સિલેટર માટેની વીજ સપ્લાય મેટ્રો રેલમાંથી આપવામાં આવનાર છે.



## દિવ્યાંગો માટે ખાસ સુવિધા

દિવ્યાંગ મુસાફરો કે મહેમાનોને પણ તકલીફ પડે નહી તે માટે ટેકટાઈલની સુવિધા ઉભી કરાઈ છે. જેનાથી દિવ્યાંગ મુસાફરો કે મહેમાનોને અવર જવરમાં સરળતા રહેશે.

**ટ્રાવેલેટરને કવર કરાશે અને રેલિંગની સુવિધા**

ટ્રાવેલેટરમાં બે લાઈન અપ અને ડાઉન રાખવામાં આવી છે. ઉપરાંત તેને ફરતે કવર કરવાની સાથે સાથે ટ્રાવેલેટર ઉપર જતા મુસાફરો કે મહેમાનોને પકડવા માટે રેલીંગ સહિતની સુવિધા ઉભી કરવામાં આવનાર છે.